ગાંધીનગર સમાચાર

**સંતસરોવરના છ દરવાજા બંધ કરી જળસંગ્રહ કરવામાં આવશે**

# શહેરમાં શ્રાવણિયો વરસાદ

## છેલ્લા ૨૪ કલાક દરમ્યાન શહેરમાં વધુ ૨૪ મી.મી. વરસાદ : મૌસમનો કુલ વરસાદ ૪૨૯ મી.મી.

ગાંધીનગર, તા. ૨૪

વરસાદી મૌસમ શહેરમાં પૂર્ણપણે જામી છે. વાદળછાયા વાતાવરણ વચ્ચે આજે આખો દિવસ ઝરમરીયો વરસાદ વરસતા ઠંડક છવાઈ ગઈ છે. છેલ્લા ૨૪ કલાક દરમ્યાન શહેરમાં ૨૪ મી.મી. વરસાદ નોંધાયો છે.

સમગ્ર ગુજરાત પર વરસાદી વાતાવરણ છવાયેલું છે. ક્યાંક ભારે તો ક્યાંક સામાન્ય વરસાદ વરસી રહ્યો છે. ગાંધીનગરમાં પણ આકાશમાં વરસાદી વાદળોનો ભારે જમાવડો જોવા મળી રહ્યો છે. વરસાદી વાતાવરણમાં વારેવારે ઝરમરીયો વરસાદ શહેરને અનોખી આભા બક્ષી રહ્યો છે.

આકાશમાં વાદળોની જમાવટ ખુબ વધારે છે. પરંતુ શહેરમાં હજુ ધોધમાર વરસાદ વરસતો નથી. ગઈકાલે રાતથી ઝરમર વરસાદ વરસી રહ્યો છે. આજે પણ આખો દિવસ ધીમો ધીમો વરસાદ વરસી રહ્યો છે. વરસાદ વરસતા શહેર જાણે હીલસ્ટેશનમાં ફેરવાઈ ગયું છે.

વાતાવરણમાં ઠંડક પ્રસરતા તાપમાનમાં ઘટાડો થયો છે. ભેજનું પ્રમાણ આજે સવારે ૧૦૦ ટકા અને સાંજે ૯૨ ટકા રહ્યો છે. છેલ્લા ૨૪ કલાક દરમ્યાન શહેરમાં ૨૪ મી.મી. વરસાદ નોંધાતા મોસમનો કુલ વરસાદ ૪૨૯ મી.મી. સુધી પહોંચ્યો છે.



# આજે પંચદેવ મંદિર ખાતે જન્માષ્ટમીનો મેળો ભરાશે

## નગરના મંદિરોમાં કૃષ્ણજન્મોત્સવ, મટકી ફોડ, રાસ ગરબા, મહાઆરતી ભજન સહીતના ધાર્મિક કાર્યક્રમોનુ આયોજન : સેકટરોની શેરીઓમાં પણ જન્માષ્ટમીની પારિવારિક માહોલમાં ઉજવણી કરાશે

ગાંધીનગર તા ૨૪

નંદ ઘેર આનંદ ભયો જય કનૈયા લાલ કી.... આજે જન્માષ્ટમી ભગવાન કૃષ્ણનો જન્મદિવસ બાળ કૃષ્ણને પારણે ઝુલાવા માટે ભાવિકો ઉત્સુક બન્યા છે. નગરના વિવિધ મંદિરોમાં જન્માષ્ટમીની ઉજવણી માટે તડામાર તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. રાત્રિના કૃષ્ણજન્મોત્સવ વેળાએ રાસ ગરબા આરતી તેમજ ભજનના સહીતના ધાર્મિક કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવ્યુ છે. સે-૨૨ પંચદેવ મંદિર ખાતે જન્માષ્ટમી નિમિત્તે ભવ્ય મેળાનુ પણ આયોજન કરવામાં આવ્યુ છે. આજે નગરજનો કૃષ્ણભકિતના રંગે રંગાયેલા જોવા મળશે. કૃષ્ણજન્મોત્સવ દરમિયાન બાળકો પણ વિવિધ વેશભુષામાં સજ્જ જોવા મળશે. ભગવાન શ્રી કૃષ્ણના જન્મોત્સવની ઉજવણી માટે ભાવિકો થનગની રહયા છે. નગરના મંદિરો તેમજ સેકટરોની સોસાયટીઓમાં ઠેર ઠેર જન્માષ્ટમીની ઉજવણી અન્વયે રાસ ગરબા મટકી ફોડ સહીતના સાંસ્કૃતિક કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવ્યુ છે.

આજે જન્માષ્ટમી નંદ ઘેર આનંદ ભયો... નંદ મહોત્સવની ઉજવણીથી સમગ્ર શહેરમાં મોડી રાત સુધી આધ્યાત્મિક ચેતના જાગૃત થયેલી જોવા મળશે. નગરના મંદિરોમાં મોડી રાત સુધી બાળ કૃષ્ણની પુજા ભકિતની સાથે સંગીતના સુર વચ્ચે ભજન અને આરતી

● અનુસંધાન પાન-૭ પર

# બાંધકામ સમિતિના બળવાખોરોએ પક્ષાંતર કર્યુ નથી : વિવાદી અરજીનો ચુકાદો

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લા પંચાયતની બાંધકામ સમિતિના ચેરમેનની નિમણુંકમાં પક્ષના મેન્ડેટનો અનાદર કરનાર ત્રણ સભ્યો સામે કરાયેલ પક્ષાંતરધારાની અરજીને નામનિર્દિષ્ટ અધિકારીએ ફગાવી દીધી છે.

જિલ્લા પંચાયતના સદસ્ય શંકરભાઈ ચૌધરીએ પક્ષના મેન્ડેટને ફગાવનાર ત્રણ સભ્યો અમૃતાબેન ઠાકોર, ભાવિનસિંહ ઠાકોર અને બેચરજી ઠાકોર સામે પક્ષાંતર ધારા અન્વયે કાર્યવાહી કરવા નામનિર્દિષ્ટ અધિકારી સમક્ષ અરજી કરી હતી.

લંબાણપૂર્વકની સુનાવણી દરમ્યાન અમૃતાબેન ઠાકોર અને અન્ય બે સભ્યોના વકીલ કમલનયન બ્રહ્મભટ્ટે પેટાસમિતિમાં વરણીને લઈ પક્ષનો મેન્ડેટ લાગુ પડી શકે નહિ તે અંગે ગુજરાતની વડી અદાલતના ચુકાદાને ટાંક્યો હતો તેમજ અન્ય ધારદાર રજુઆતો કરી પક્ષાંતરધારો લાગુ પડી શકે નહિ તેમ જણાવ્યુ હતુ.

જ્યારે અરજદાર શંકરભાઈ ચૌધરીના એડવોકેટ ચાંપાનેરીએ આ અરજીની સાથે પક્ષના આદેશની નકલ, બેઠકની કાર્યવાહી નોંધ જે માન્ય નહિ કરવામાં આવી હોવાની દલીલો રજુ કરી હતી. તેમજ પક્ષની શિસ્ત અને મર્યાદાનું પાલન પક્ષના ચૂંટાયેલા સભ્યએ કરવુ તે તેની નૈતિક ફરજ હોવાની રજુઆત કરી હતી.

જો કે નામનિર્દિષ્ટ અધિકારીએ ગુજરાતની વડી અદાલતના ચુકાદાને

● અનુસંધાન પાન-૭ પર



**બેસણું**

મારા ધર્મપત્નિ **અ.સૌ. જયાબેન હરીલાલ મીસ્ત્રી** તા.૨૩-૮-૧૬ને મંગળવારના રોજ શ્રીજી ચરણ પામેલ છે. **સદ્દગતનું બેસણું તા.૨૬-૮-૧૬ને શુક્રવારના રોજ સવારે ૧૦ થી ૧૨ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ :- પ્લોટ-૭૭૦, પંચશીલ પાર્ક, સેક્ટર-૨૧, ગાંધીનગર**

વ્રજલાલ છગનભાઈ મીસ્ત્રી
દ. મનોજ વ્રજલાલ મીસ્ત્રી
દ. રશ્મી વ્રજલાલ મીસ્ત્રી

લિ.

હરીલાલ છગનભાઈ મીસ્ત્રી
દ. મહેન્દ્ર હરીલાલ મીસ્ત્રી

વાડોદરિયા પરિવારના જયશ્રી કૃષ્ણ

ફર્મ : રચના ઈન્ટીરીયર, રચના એસોસીએટ્સ - ગાંધીનગર

# સંતસરોવરના છ દરવાજા બંધ કરી જળસંગ્રહ કરવામાં આવશે

## આજે સવાર સુધીમાં સરોવર સંપૂર્ણ ભરાઈ જશે તેમ મનાઈ રહ્યુ છે જે ગાંધીનગરનું આગવુ આકર્ષણ બનશે

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગરમાં ઈન્દ્રોડા નજીક નિર્માણ પામેલ સંત સરોવર આ ચોમાસામાં પહેલીવાર છલોછલ ભરાયેલુ આજે જોવા મળશે. આ અદ્દ્ભુત નજારો ગાંધીનગર શહેરનું આગવુ આકર્ષણ બનશે તેમ સત્તાવાળાઓનું માનવુ છે.

રાજસ્થાન અને ઉત્તર ગુજરાતમાં થયેલા વરસાદને પગલે ધરોઈમાંથી છોડવામાં આવેલ પાણીને લઈ સંત સરોવરમાંથી છેલ્લા ત્રણ દિવસથી ૧૭ જેટલા દરવાજા ખોલી નંખાયા હતા. આજે સ્થળ પર સિંચાઈ વિભાગના સુપ્રિ. ઈનજનેર જે.ડી. મિસ્ત્રી તેમજ અન્ય અધિકારીઓની ટીમે મુલાકાત લઈ અને સરોવરના છ દરવાજા બંધ કરી સરોવર ભરવા માટેના આદેશો આપ્યા હતા. જો કે ૧૫ દરવાજા ખુલ્લા હોવાથી પાણીનો નિકાલ પણ ક્રમશઃ થશે અને સરોવરમાં પાણીનો સંગ્રહ પણ ૫ મિલીયન ક્યુબીક મીટર જેટલો થશે.

મળતી માહિતી પ્રમાણે નદીમાં હાલ ૩૫ હજાર ક્યુસેકની આવક સામે ૩૦ હજાર ક્યુસેક પાણીની જાવક ચાલુ રાખવામાં આવી છે. સરોવરમાં પાણીનો સંગ્રહ પણ ધીમીગતિએ કરવામાં આવી રહ્યો છે.

સંત સરોવરથી ગાંધીનગર શહેર જિલ્લાના ભૂગર્ભ જળ રિચાર્જ થશે. છેલ્લા ત્રણ દિવસથી નદીમાં જે રીતે પાણીનો પ્રવાહ વધી રહ્યો છે તેને લઈ નદી સંપૂર્ણ રિચાર્જ થઈ ગઈ છે. આનો સીધો લાભ જિલ્લાના ભૂગર્ભ જળને થશે.

# જિલ્લા વિકાસ અધિકારીએ પંચાયત સંકુલનો રાઉન્ડ લીધો

## પાર્કિંગની સુવિધા ઉભી કરવા વિકલ્પ બતાવ્યો : સ્વચ્છતા માટે પણ શાખાધિકારીઓને ટપાર્યા : એક કર્મચારી ફરજના સ્થાન પર ન હોવાથી નોટીસ ફટકારી

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈએ આજે સમગ્ર જિલ્લા પંચાયત સંકુલનો રાઉન્ડ લઈ સૌને ચોંકાવી દીધા હતા. એક કર્મચારી તેમના ફરજના સ્થળે રાઉન્ડ દરમ્યાન ન દેખાતાં નોટીસ પણ ફટકારતાં કર્મચારીઓમાં સન્નાટો વ્યાપી ગયો છે.

જિલ્લા વિકાસ અધિકારી દેસાઈએ આજે ત્રીજા માળથી પોતાનો રાઉન્ડ શરૂ કર્યો હતો. તેમણે દરેક બ્રાન્ચ, દરેક અધિકારીની ચેમ્બર તેમજ દરેક માળે આવેલ ટોઈલેટ સહિતની સુવિધાઓ ચકાસી હતી. તેમણે તેમના આ રાઉન્ડ દરમ્યાન કચેરીઓમાં પડી રહેલા વધારાના ફર્નિચરનો નિકાલ કરવા માટે શાખાધિકારીઓને જણાવ્યું હતું.

આ ઉપરાંત સ્વચ્છતા બાબતમાં સૌને ટપાર્યા હતા. તેમણે શાખાની મુલાકાત દરમ્યાન કર્મચારીઓ કેટલા હાજર છે તેમની કામગીરી વિગેરે બાબતે પણ ચકાસણી કરી હતી. જિલ્લા વિકાસ અધિકારીએ જે શાખાઓના બોર્ડ નથી તે શાખાના બોર્ડ બનાવી મુકી દેવાની પણ કડક તાકીદ કરી હતી.

● અનુસંધાન પાન-૭ પર




Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com